મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૮ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧ ૩ ભકિત વંદના મહોત્સવમાં તુલસીવિવાહ યોજાયો

જય અંબે પરિવાર ટ્રસ્ટ આયોજીત ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ અંતર્ગત કારતક સુદ એકાદશીના દિવસે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આગલી રાત્રે ગરબા, મંડપ મુર્હુત, વરઘોડો, સામૈયું, ગણેશ સ્થાપન, કન્યા વિદાય જેવી તમામ શાસ્ત્રોકત વિધિ કરવામાં આવી હતી. જેમાં વરપક્ષની જવાબદારી સે-૧૩-સીના રહેવાસીઓએ અને કન્યા પક્ષની જવાબદારી સે-૧૩-બીના રહેવાસીઓ દ્વારા નિભાવવામાં આવી હતી. આ સાથે એક દિકરીના લગ્નનું આયોજન પણ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ યજ્ઞવિધિમાં નવદુર્ગા નિમિત્તે નવ કુમારીકા અને બટુકને સુંદર શણગાર સજાવીને પૂજન કરવામાં આવ્યું હતું.

શહેરના ૬/૭ બસ સ્ટેન્ડ પાસે કાર મોપેડ વચ્ચે અકસ્માતમાં વડીલને ઈજા

ગાંધીનગર, તા.૮

શહેરના 'ઘ' માર્ગ પર સેકટર-૭માંથી સેકટર-૬ તરફ જવાના કટ પાસે દિવાળીના દિવસે સાંજે સે-૬ના વડીલ મોપેડ લઈ જઈ રહ્યા હતા ત્યારે કારની ટકકર વાગતા ઈજાગ્રસ્ત થયા હતા. વડીલ માર્ગ પર પટકાતા માથાના તેમજ પાંસળીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. ત્યારે હાલની પરિસ્થિતિએ વડીલ અર્ધબેભાન અવસ્થામાં જ સારવાર લઈ રહ્યા છે. બનાવ અંગે વડીલના પુત્રએ અકસ્માત બાદ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૬-બી પ્લોટ નં. ૫૯૭/૨ ખાતે રહેતા વૃધ્ધ રજનીકાંત શંકરલાલ ત્રિવેદી દિવાળીના દિવસે સાંજે મોપેડ લઈ શાકભાજી લેવા માટે ઘરેથી નીકળ્યા હતા. ઘરે જતી વખતે 'ઘ' માર્ગ પર સે-૭માંથી સે-૬ તરફના કટ પાસે જીજે ૧૮ બીઈ-૭૩૨૨ નંબરની કારના ચાલકે ગફલતભરી રીતે હંકારી મોપેડને ટકકર મારી હતી. અકસ્માતમાં વૃધ્ધને માથા તેમજ પાંસળીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. વૃધ્ધ હાલ ખાનગી હોસ્પિટલમાં આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ છે. બનાવને પગલે પિતાની સારવારમાં રહેલા પુત્ર સંદિપ રજનીકાંત ત્રિવેદીએ (ઉ.વ. ૪૬) બનાવ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

અંબાજી સેવા સમિતિ દ્વારા નવચંડી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૮

અંબાજી મંદિર સેવા સમિતિ દ્વારા રવિવારે સે-૨૧ અપના બાજારની સામેના અંબાજી મંદિર ખાતે સવારે ૧૦ કલાકે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જયાં શ્રીફળ સાંજે ૫ કલાકે હોમાશે. સંસ્થાના અગ્રણી કે.પી. પરમાર દ્વારા સર્વે ભાવિકોને ઉપસ્થિત રહેવા તથા યજ્ઞમાં બેસવા ઈચ્છુકને અગાઉથી નામ નોંધાવવા જણાવાયું છે.

ભારતની 'સંસ્કૃત ભારતી' આયોજિત વિશ્વ સંમેલનમાં ગાંધીનગરના ૧૨ કાર્યકર્તાઓ

ગાંધીનગર, તા.૮

ભારતની 'સંસ્કૃત ભારતી' સંસ્થા દ્વારા આગામી તા. ૮મીથી ૧૧મી નવેમ્બર દરમિયાન સંસ્કૃત ભાષાનું સૌ પ્રથમ વિશ્વ સંમેલનનું આયોજન દેશની રાજધાની દિલ્હી ખાતે કરવામાં આવ્યું છે. સૌ પ્રથમવાર યોજાઈ રહેલા વૈશ્વિક સંમેલનમાં વિશ્વના ૨૨ દેશોમાંથી સંસ્કૃત ભારતીના કોઈને કોઈ દાયિત્વ ધરાવતા ૪ હજારથી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે જેમાં ગાંધીનગરથી ૧૨ વ્યકિતઓ ભાગ લેશે.

'સંસ્કૃત ભારતી' આયોજિત સંસ્કૃતના વિશ્વ સમેલનમાં વિશેષ સંસ્કૃત પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બનશે. સંમેલનમાં સંસ્કૃત નૃત્યકલા, ભારતીય યુધ્ધ કલા, પુસ્તક વિમોચન, 'વિશ્વમાં સંસ્કૃત' તથા ભવ્ય ઉદઘાટન સમાપન સમારોહ જેવા રસપ્રદ પ્રસંગો આવરી લેવાયા છે. કાર્યકમમાં સંસ્કૃત ભારતીના અખિલ ભારતીય અધિકારીઓ ઉપરાંત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં સુરત જનપદથી વિશ્વ સંમેલનમાં જોડાનાર કાર્યકર્તાઓમાં ગાંધીનગરના પણ ૧૨ કાર્યકર્તાઓ જોડાશે. સંસ્કૃત ભાષાનું આ સૌ પ્રથમ વિશ્વ સંમેલન ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ભાષા સંસ્કૃતની દિવ્યતા અને ભવ્યતાને વધુ ઉજાગર કરનારું સાબિત થશે.

આજે આઈઆઈટી ગાંધીનગર ખાતે ઈન્ડસ્ટ્રીઝ કોન્કલેવ 'કનેકશન-૨૦૧૯'નું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના પાલજ ખાતે સ્થિત ભારતીય પ્રૌદ્યોગિક સંસ્થાન એટલે કે આઈઆઈટી કેમ્પસ ખાતે તા. ૯મી નવેમ્બર શનિવારે ઈન્ડસ્ટ્રીઝ કોન્કલેવની દ્વિતિય આવૃત્તિ 'કનેકશન ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આઈઆઈટી ગાંધીનગર ઈનોવેશન એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ સેન્ટરના તથા રીસર્ચ પાર્કની સલાહકાર સમિતિના અધ્યક્ષ ક્રિસ ગોપાલકૃષ્ણન જેઓ ઈન્ફોસીસ જેવી ખ્યાતનામ કંપનીના સહ સ્થાપક પણ છે તેઓ કાર્યકમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. કોન્કલેવનો હેતુ ઉદ્યોગ અને શૈક્ષણિક ભાગીદારીને વધુ મજબૂત કરી વિદ્યાર્થીઓ માટે વધુ પ્રમાણમાં સારી તકોનું સર્જન કરવાનો છે.

આઈઆઈટી કેમ્પસ ખાતે આયોજિત કોન્કલેવનું આયોજન ઉદ્યોગના અગ્રણીઓ, આઈઆઈટી ગાંધીનગરની ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ વચ્ચે લાંબા ગાળાના સહયોગ અને ભાગીદારીની સ્થાપના માટે ઉન્નત સંદેશા વ્યવહારને સક્ષમ અને પ્રોત્સાહિત કરવા માટે કરાયું છે. ઑટો, કેમિકલ, બાંધકામ, આઈટી અને ડેટા સાયન્સ, મટિરીયલ્સ, ફાર્મા, એન્જિનિયરિંગ સહિતના ઉદ્યોગ ક્ષેત્રોના અનેક અગ્રણીઓ આ કાર્યકમમાં ભાગ લેવા જઈ રહ્યા છે.

આઈઆઈટી ગાંધીનગરમાં એક સુપ્રસ્થાપિત રિસર્ચ પાર્ક છે જે સંશોધન અને નવીનતા માટે ઉદ્યોગો અને શિક્ષણવિદો વચ્ચે ફળદાયી સંવાદને પ્રોત્સાહન આપે છે. જેમાં દેશના કેટલાક પ્રીમિયર કોર્પોરેટ કલાયન્ટ્સ, આઈઆઈટી ગાંધીનગર રીસર્ચ પાર્કમાં પહેલેથી જ તેમના સંશોધન-વિકાસ એકમો સ્થાપિત કરી ચૂકયા છે. કોન્કલેવ આ સંવાદને આગળ વધારતાં ઉદ્યોગો અને શિક્ષણવિદો વચ્ચે સાથે મળીને કામ કરવાની તકોની આપ-લે કરવા એક મંચ પૂરો પાડશે. કોન્કલેવમાં ઉદ્યમીઓ અને સ્ટાર્ટઅપ્સ માટે સમાંતર સત્ર પણ હશે, જેમાં વકતવ્ય સત્રો, ઉત્પાદન નિદર્શન અને જુદા જુદા હોદ્દેદારો વચ્ચે નેટવર્કિંગ થશે.

કોલવડા ગામે બે ભાઈના ઘર વચ્ચે દિવાલ ચણવા મુદ્દે મારામારી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામે બે ભાઈના ઘર વચ્ચે દિવાલ ચણવા મુદ્દે મારામારીની ઘટના સામે આવી છે. બનાવના પગલે નાનાભાઈએ પોતાના મોટાભાઈ, ભાભી, ભત્રીજો, ભત્રીજી સામે પેથાપુર પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કોલવડા કન્યા શાળાની બાજુમાં રહેતા કનકસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા (૫૫) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સે-૩૦ કેન્દ્રીય વિદ્યાલયમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. ગુરુવારે બપોરના સુમારે તેઓએ પોતાના ઘર અને બાજુમાં રહેતા મોટાભાઈના ઘર વચ્ચે દિવાલ ચણવા માટે મજુર બોલાવ્યા હતા. આ સમયે ઘરે હાજર ફરિયાદીના ભત્રીજા નરેન્દ્રસિંહે કામ બંધ કરાવ્યું હતું. ફરયાદીએ પોતાની બાજુ દિવાલ ચણાવું છું કહેતા જ ભત્રીજો નરેન્દ્રસિંહ ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલી ઘરમાંથી લોખંડની પાઈપ લઈ આવ્યો હતો. આ સમયે ફરિયાદીના મોટાભાઈ દિલિપસિંહ આવી ગયા હતા તેઓએ પુત્રના હાથમાંથી લોખંડની પાઈપ લઈને નાનાભાઈને મારી દીધી હતો તો બીજી તરફ પાઈપ વાગતા નીચે પડી ગયેલા પતિને બચાવવા વચ્ચે પડેલા તેમના પત્નીને પણ દિલિપસિંહે પાઈપ મારી હતી. આ સમયે આવી ગયેલા દિલિપસિંહના પત્ની ચંદાબા અને દિકરી મિતલબાએ ફરિયાદીના પત્નીને ગદડાપાટુનો માર માર્યો હતો. ઝઘડાને લઈ આસપાસમાંથી દોડી આવેલા ગ્રામજનોએ દંપતિને વધુ મારમાંથી બચાવ્યા હતા. ઈજા પામેલ દંપતિને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. બનાવને પગલે કનકસિંહની ફરિયાદને પગલે પેથાપુર પોલીસે ચાર વ્યકિત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રવિવારે બિહોલા રાજપૂત સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૮

બિહોલા રાજપૂત સમાજ ગુજરાત રાજય દ્વારા ૧૦ નવેમ્બરના રોજ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે સ્નેહમિલન, તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા દાતાઓ અને વિશિષ્ઠ મહાનુભાવોનો સન્માન સમારંભ સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

આ કાર્યકમમાં રાજપૂત સમાજના અગ્રણી અને એડવોકેટ પૃથ્વીસિંહજી બિહોલા, બાંધકામ સમિતિ જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન કાળુસિંહ બિહોલા, વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, તાલુકા પંચાયત વિરોધપક્ષના નેતા બળવંતસિંહજી બિહોલા, મોડાસા હોસ્પિટલના એમ.એન. સર્જન નાગેન્દ્રસિંહજી બિહોલા ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થાના પ્રમુખ વિસાજી બિહોલાએ સમાજના સર્વેને ખાસ ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

સાપના શરીરે ફસાયેલી લોખંડની રીંગ દૂર કરાઈ

આ વર્ષે હજુ પણ ચાલ રહેલી વરસાદી સીઝનના કારણે સામાન્ય રીતે આ સમયે શીતનિંદ્રામાં જતા રહેતા સર્પો હજુ પણ બહાર જ વિચરણ કરી રહ્યા છે જેને કારણે શહેરમાં સતત સ્નેક રેસ્કયુના કોલ ચાલુ રહેવા પામ્યા છે. શહેરના જીઆઈડીસી વિસ્તારમાં આવી જ રીતે ફરી રહેલ એક ધામણ સાપના શરીરે ઔદ્યોગિક ભંગારમાંથી લોખંડની રીંગ ભરાઈ જવા પામી હતી જેના કારણે તે સર્પ પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યો હતો. જીઆઈડીસીના કેટલાક જાગૃત કર્મચારીઓએ આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરકર્મીઓએ આ બીનઝેરી સર્પને પકડી તેને નુકશાન ના થાય તે રીતે તેના શરીરેથી લોખંડની રીંગ કાપીને દૂર કરી હતી અને ફરી તેને કુદરતી સલામત સ્થળે છોડી મુકયો હતો.

ન્યુ ગાંધીનગરમાં ગંદકીના ઢગ

રોડનું કામ સત્વરે હાથ ધરાય તેવી નગરજનોની માંગણી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરનો વિકાસ ખૂબ હરણફાળ ઝડપે થઈ રહ્યો છે. સરગાસણ, રાયસણ, રણાસણ, કુડાસણ વગેરે વિસ્તારોને જોતા નગરજનોને ત્યાં વસી જવાનું મન થાય છે કેમ કે જીવનજરૂરી બધી જ વસ્તુઓ ત્યાં સરળતાથી મળી રહે છે. પરંતુ આ સાથે ત્યાં બીજા ઘણા એવા પ્રશ્નો છે જેનો નિકાલ થવો ખૂબ જ જરુરી છે. એમાં પણ અત્યારે ડેનગ્યુ જે રીતે વકરી રહ્યો છે તે જોતા સૌ પ્રથમ આ વિસ્તારોમાં ફેલાયેલી ગંદકીને સત્વરે દૂર કરવાની જરુર છે. સરકારનું સ્વચ્છતા અભિયાન આ વિસ્તારોમાં ખોટું સાબિત થાય છે. જયાં જુઓ ત્યાં પ્લાસ્ટિક, કાગળો, ગંદકીના ઢગ જોવા મળે છે. આ વખતે વરસાદે પણ હજુ જવાનું નામ નથી લીધું ત્યાં કુડાસણ વિસ્તારમાં રોડની જે સ્થિતિ જોવા મળી રહી છે તે જોતા સત્વરે આ કાર્ય હાથ ધરાય તેવી ત્યાંના નાગરિકોની માંગણી છે. આ સિવાય પાર્કિંગ અને દબાણ બાબતે પણ ફરીથી કડક અમલવારી કરાય તેની તાતી જરૂર છે.

શહેરના ૧૯૫૦ વાહનચાલકોને ઈ-મેમો મોકલાયા

ગાંધીનગર, તા.૮

સમગ્ર રાજયમાં ટ્રાફિકના નવા નિયમોના અમલીકરણનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે ગાંધીનગર શહેરમાં પણ પોલીસ તંત્ર દ્વારા નવા નિયમોના અમલીકરણ માટે શહેરના એન્ટ્રી પોઈન્ટ અને મુખ્ય સર્કલો પર ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં શહેરના નાગરિકોને ટ્રાફિકના નિયમોના પાલન અંગે સમજણ આપી દંડનીય કાર્યવાહી કરાઈ હતી. શહેરમાં છેલ્લા ૬ દિવસમાં પોલીસ તંત્ર દ્વારા ૧૯૫૦ વાહનચાલકોને ઈ-મેમો મોકલી કુલ રૂ. ૨૦,૧૩,૭૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રાફિકના નવા નિયમોને લઈ નાગરિકોમાં હોહા થતા થોડા સમય માટે નવા નિયમ સ્થગિત કરી દેવાયા હતા. શહેરમાં સીસીટીવી સર્વેલન્સથી ઈ-મેમો આપવામાં આવે છે ત્યારે શહેરમાં પ્રથમ દિવસે તા. ૧ નવેમ્બરના રોજ મેમો ફટકારી રૂ. ૨,૩૪,૮૦૦નો દંડ, બીજા દિવસે ૩૦૬ ઈ-મેમા ફટકારી રૂ. ૩,૧૭,૦૦૦, ત્રીજા દિવસે ૩૭૫ ઈ-મેમોની સામે રૂ. ૪,૦૩,૪૦૦, ચોથા દિવસે ૨૯૬ ઈ-મેમા ફટકારી રૂ. ૨,૯૫,૦૦૦, પાંચમા દિવસે ૩૨૬ ઈ-મેમા સામે રૂ. ૩,૩૭,૮૦૦નો દંડ જયારે ૬ નવેમ્બરના રોજ ૩૮૦ ઈ-મેમા મોકલી રૂ. ૪,૨૫,૭૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. પોલીસ દ્વારા છેલ્લા છ દિવસમાં ૧૯૫૦ ઈ-મેમા મોકલી રૂ. ૨૦,૧૩,૭૦૦ની દંડનીય કાર્યવાહી વાહનચાલકો પર કરવામાં આવી છે.

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

હાઉસફુલ-૪
૧.૧૦, ૭.૦૦
બાલા
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
સાંઢ કી આંખ - ૪.૩૦
સેટલાઈટ શંકર
૧.૪૦, ૭.૪૦
બાયપાસ રોડ
૧૦.૪૫, ૧૦.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

બાલા
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
સેટલાઈટ શંકર
૩.૧૫, ૧૦.૪૫
બાયપાસ રોડ
૧૨.૨૦, ૬.૦૫
વોર - ૧૧.૫૫
હાઉસફૂલ-૪
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

બાલા
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
સેટલાઈટ શંકર
૧૨.૪૫, ૫.૦૦
બાયપાસ રોડ
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
મેડ ઈન ચાઈના - ૧૧.૦૦
સાંઢ કી આંખ - ૩.૩૫
હાઉસફૂલ-૪
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

આજે ગાંધીનગરમાં

● જય અંબે પરિવાર ટ્રસ્ટ આયોજીત ભકિત મહોત્સવ અંતર્ગત આજે સવારે ૯ કલાકે વિશેષ પૂજા, ૯.૩૦ કલાકે મહા રકતદાન શિબિર, ૨.૩૦ કલાકે મહારૂદ્ર ચંડીપાઠ દશાંશ હોમ, ૫.૪૫ કલાકે સાયં આરતી અને રાત્રે ૮ કલાકે સુપ્રસિધ્ધ ગાયિકા અભિતા પટેલના રાસ-ગરબા યોજાશે.

સે-૫માં ઉભરાતી ગટરોથી વસાહતીઓમાં ઉગ્ર આકોશ

ગાંધીનગર, તા.૮

સેકટર-૫- એ-બીના રહેણાંક વિભાગમાં છેલ્લા કેટલાય સમયથી ગટરો ઉભરાય છે. જેના પરિણામે અસહ્ય દુર્ગંધ મારે છે. પીવાનું પાણી ચોકડીમાંથી ભરવું દોહ્યલું બની જાય છે. તંત્રની બેદરકારીથી પીવાનું પાણી રસોડા સુધી આવતું નથી. સંબંધિત અધિકારીઓ, સેકટર-૩ની ગટરની ઓફીસ, પાટનગર યોજના ભવન, જુના સચિવાલયના અધિકારીઓને લેખિત તેમજ મૌખિક ફરિયાદો કરવામાં આવી છે પરંતુ કોઈ પણ કર્મચારી ચકાસવા ફરકતા નથી.

સેકટર-૫માં ઘરે ઘરે બિમારીના ખાટલા છે. આમ છતાં ઉભરાતી ગટરોને રીપર કરવાના કામ બાબતે તંત્ર નિષ્ક્રિય છે. વેરા ઉઘરાવા છતાં સુવિધાઓ મળતી નથી. પાટનગર યોજના વિભાગ કચેરીએ વિરોધ પ્રદર્શન યોજવા અંગેની ચર્ચા માટે તા. ૧૦મી નવેમ્બરે સવારે દસ વાગે બગીચામાં બેઠકનું આયોજન કરેલ છે તો સર્વેને હાજર રહેવા પ્રમુખ કેશરીસિંહજી બિહોલાએ જણાવ્યું છે.